

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

જમીન ન જોગવાઈ, પાયા નાખી, પ્રજા પટાવી લ્યો!
કુદરતી કામો, નામે ચઢાવી, ને લાભ વટાવી લ્યો!
ચટાવી ધો મધ ઘેનનું અધૂરાં લોકાર્પણ કરી -
પદ-પૈસાનો નશો પાઈ પક્ષનું નામ રટાવી લ્યો!
(ચૂંટણીની ઉતાવળ?!)

### હાઈકુ

'દંભ-પ્રતીક'
બગલા ની સંખ્યામાં -
થયો વધારો...
(આ સરકારના પ્રયત્નોથી...!!)

થઈ ગ્યા બંધ
બનાવટી ચેકના -
કલ્યાણ મેળા...
(હવે ઠગવાનું નવું
ફોર્મેટ આવશે!)

### ચિંતન

બહુત દુ:ખ હૈ દુ:ખ કી બાની, તબ બચિહો જબ રામહિં જાની ।
રામહિ જાનિ જુક્તિ જો ચલઈ, જુક્તિ હિં તે ફંદા નહિ પાઈ ॥

ઉપરોક્ત ચોપાઈ કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

સંસાર દુ:ખરુપ અને દુ:ખની ખાણ છે, એનાથી જીવ ત્યારે જ બચી શકે કે, જ્યારે તે બ્રહ્મતત્વનો યથાર્થ સાક્ષાત્કાર કરે અને બહ્મતત્વનો યથાર્થ સાક્ષાત્કાર ત્યારે થશે, જ્યારે શાસ્ત્રના ઉપદેશ અનુસાર ગુરુએ દર્શાવેલાં સાધનોનું અનુષ્ઠાન કરશે, એમ થશે ત્યારે એનું સંસારબંધન છૂટી જશે. નિષ્કામ કર્મ દ્વારા રાગદ્વેષ વગેરેનો ત્યાગ કરીને આત્મસંબંધી યથાર્થ જ્ઞાન મેળવીને તે જ્યારે ભગવાનનો પૂર્ણ જ્ઞાની ભક્ત બનશે. ત્યારે તે આ સંસારના બંધનોમાંથી છૂટીને પરમપદ પ્રાપ્ત કરી શકે છે.

જ્યાં સુધી મનુષ્યો દુષ્કર્મોને છોડતો નથી ત્યાં સુધી આ સંસારમાં બંધનોમાંથી છૂટી સખતો નથી. જે પાપ કર્મોથી નિવૃત્ત થયો નથી, જેની ઈન્દ્રિયો શાંત બની નથી, જેનું ચિત્ત અશાંત છે તે પરમાત્મા ને પ્રાપ્ત કરી શકતો નથી.

### સુવિચાર

- પુરુષાર્થી તે, જે ભાગ્યની રેખા બદલી શકે - **શીલનાથ**
- સૌથી મોટો ગુલામ તો તે છે જે પોતાની ઉત્તેજનાની ગુલામી કરે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સૌરભ એ ફૂલનું ઈશ્વરીય તત્ત્વ છે, એમ કરુણા અને પ્રેમ એ જીવનનું ઈશ્વરીય તત્ત્વ છે - **અરવિંદ**
- જેનું અન્નનું એવું ધનનું - પચે તો પોષે નહિતર પીડે - **ગુજરાતી કહેવત**
- પુષ્પ જેવું નિર્દોષ, પવિત્ર અને પ્રેમસભર હૃદય જે માણસમાં હોય એ જીવતું - જાગતું તીર્થ સ્થાન છે - **ફાધર વર્ગીસ**
- શુદ્ધ પ્રેમ વધઘટ ન પામતો હોવાથી, એ આનંદની પેલે પારનો મહાઆનંદ તથા શાંતિની પેલે પારની મહાશાંતિ છે - **ઓશો**
- આજનું ઔષધ : અડધી ચમચી સૂકી મેથી દિવસમાં બે વાર ફાકવાથી કોલેસ્ટરોલ ઘટે છે - **દિપક વી. આશરા**

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

જયપ્રકાશ નારાયણ હાઈસ્કૂલમાં ભણતા હતા ત્યારની વાત. અંગ્રેજીના શિક્ષક ગોરા સાહેબ મિ. સ્ટીફન તુંડ મિજાજી અને ખૂબ કડક બાળકોએ વસંત પંચમીના તહેવારની રજા માંગી તો રજા તો ન આપી પણ એ જ દિવસે અંગ્રેજીની પરીક્ષા ગોઠવી દીધી એટલે કોઈ ધમાલ ન થાય. અને બાળકો પરીક્ષા ન આપે તો નાપાશ થવાય અને આપે તો તહેવારનો વટ જળવાય નહીં. ભારતીયતાનો ધર્મ સચવાય નહિ. અને દબાઈ ગયેલા અપમાનિત થયા કહેવાય.

જયપ્રકાશે સૌને બોલાવ્યા અને કહ્યું, પરીક્ષા તો આપવી જ પણ ઉત્તરવહીમાં સૌએ લખવું કે : આજે તહેવાર હોવાથી પરીક્ષાના વિરોધમાં ઉત્તરવહી કોરી મૂકવામાં આવે છે.' તહેવારને દિવસે પરીક્ષા થઈ પણ ઉત્તરવહી જોઈ ગોરા સ્ટીફન ઔર ગુસ્સે થયા. અને લાકડાની સોટીથી જયપ્રકાશ ને એના સાથીઓને હાથમાં ખૂબ માર્યા. વાત જયારે આગળ પહોંચ્યો ત્યારે ઉપરી ગોરા એ સ્ટીફન સાહેબને ખૂબ ઠપકો આવ્યો અને તહેવારની દરેક રજા મંજૂર કરી તે ઉપરાંત એક વધુ રજા પણ બાળકોને આપી.

# રોહિંગ્યા મુસલમાનોના મામલે ગંભીરતા જરૂરી

**તંત્રીસ્થાનેથી...**

મ્યાંમારના બહિષ્કૃત રોંહિગ્યા મુસલમાનોનાં ધાડેધાડાં ભારતમાં આશ્રય લેવા ઘુસણખોરી કરી રહ્યાં છે. એમને આડા રસ્તે ભારતમાં પ્રવેશ કરાવવા બાંગ્લાદેશ અને બીજા પાડોશી પ્રદેશોમાં કેટલાક સંગઠનો પણ સક્રિય બન્યાં છે અને માનવતાવાદી ધોરણે શરણાર્થીઓને આશ્રય આપવો જોઈએ એવી દલીલો પણ થતી રહી છે. ભારત જેવી ઊભરતી મહાસત્તા માટે આવી બાબતો કયારેક આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાનો પ્રશ્ન પણ બની રહે તે સમજી શકાય એમ છે. હૈદરાબાદના સાંસદ ઓવૈસીએ આ મુદ્દે તીખી પ્રક્રિયા આપી કહ્યું છે કે જો ભારત પાકિસ્તાન-બાંગ્લાદેશમાંથી હિજરત કરીને આવેલા લાખો હિંદુઓને શરણ આપી શકતું હોય, ચીન જેવી મહાસત્તાનો વિરોધ વહોરીને તિબેટિયનો અને દલાઈ લામાને સમાવી શકતું હોય તો લાચારીથી પોતાનો દેશ છોડી જીવ બચાવવા ભાગી આવેલા ચાલીસ હજાર રોહિંગ્યા મુસલમાનોને સ્વીકારતાં એને કેમ ચૂંક આવે છે ? એમણે આખો મુદ્દો સાંપ્રદાયિકતાનાં ચશ્મા ચડાવીનો રજૂ કર્ય છે અને રોહિંગ્યા મુસલમાનોને હાંકી કાઢવા તે આંતરરાષ્ટ્રીય કાનૂનની ખિલાફત ગણાશે એવી ઝાટકણી કાઢી છે. દેશમાં હિંદુત્વ અને હિંદુ રાષ્ટ્રની હિમાયત કરનારા ભારતીય જનતા પક્ષનું શાસન છે, તેથી જ આ ગરીબડા રોહિંગ્યા મુસલમાનો સાથે અન્ય શરણાર્થીઓની તુલનામાં અન્યાયપૂર્ણ વ્યવહાર કરાઈ રહ્યો હોવાની બુમરાણમાં આંતરરાષ્ટ્રીય અભિપ્રાય સામેલ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પરંતુ મ્યાંમારની મુલાકાત વખતે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્યાંના લોકપ્રિય નેતા આંગ સાંગ સુકી સાથે આ મુદ્દે ભારતનું વલણ સ્પષ્ટ કરી ચૂક્યા છે. રોહિંગ્યા મુસલમાનોએ પોતાના વતનમાં પાછા ફરવું જ પડશે અને મ્યાંમારે એમને પોતાના નાગરિક અધિકારો આપી અપનાવી લેવા જોઈએ એવું સ્પષ્ટ વલણ અપનાવવા માગતી ભારત સરકાર વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરાઈ છે. માનવાધિકાર સંગઠનો રોહિંગ્યા શરણાર્થીઓની તરફેણ કરી દેશની ઈમેજ બગાડી રહ્યાં છે. હકીકતમાં બાંગ્લાદેશ, ત્રિપુરા અને પશ્ચિમ બંગાળમાં આ લોકોને ભારતના નાગરિક બનાવી દેવા સુધીના સંગઠિત કાવતરાના સુરાગ સાંપડ્યા છે. એમને ગેરકાયદેસર ઓળખપત્રો અને પાનકાર્ડ સુદ્ધાં અપાયાં છે. આ રીતે શંકાસ્પદ ઘુસણખોરોને દેશમાં વસાવી દેશની સલામતી વિરુદ્ધ વસતિ સંતુલન બગાડી કુત્સિત આશય પાર પાડવાનાં કાવતરાં સાંખી લેવાય નહીં. બાંગ્લાદેશી મુસલમાનોની ઘુસણખોરીથી આસામ અને પં. બંગાળનું વસતિ સંતુલન કેટલી હદે બગડ્યું છે તે જગજાહેર છે. આ બધું રાજકીય સ્થાપિત હિતો પોતાના નિહિત સ્વાર્થો ખાતર થવા દે છે, ઘુસણખોરી સાથે આવતી આતંકવાદી પ્રવૃત્તિ સામે પણ આંખમિચામણાં કરતાં રહે છે, પરિણામે આખઆ દેશ માટે ખતરો ઊભો થતો હોય છે. રોહિંગ્યા મુસલમાનોને પાકિસ્તાની આતંકી સંગઠનો ઉપરાંત ઈસ્લામિક સ્ટેટ (આઈએસઆઈએસ) જેવાં ખતરનાક સંગઠનો સાથે સંબંધો સ્થાપિત કર્યા હોવાના સગડ મળ્યા હોય તો એમને વહેલી તકે દેશમાંથી હાંકી કાઢવામાં જ શાણપણ લેખાશે. આ મુદ્દે સરકારે સુપ્રીમ કોર્ટને પણ વિનંતી કરી છે કે આવા લોકોને ભારતમાં રહેવા દેવાની પરવાનગી અંગેનો નિર્ણય અદાલત સરકાર પર જ છોડે તે હિતાવહ છે. આખરે દેશની સલામતી સામે સમાધાન કરવા જેવી બાબત છે, જે કોઈ પણ સાર્વભૌમ રાષ્ટ્રને પોસાઈ ન શકે. દેશ કોઈ નધણિયાતું બોડી બામણીનું ખેતર નથી કે કોઈ પણ દુરિત તત્ત્વ એની મરજી મુજબ ઘૂસી જાય અને એણે આપણે નભાઈ લઈએ. શરણાર્થીઓનો આદર્શ તો વર્ષો પહેલાં દેશમાં આવેલી પારસી પ્રજા છે, જે દૂધમાં સાકરની જેમ ભળી ગઈ છે. જાપાન જેવાં દેશમાં મુસલમાનોને પ્રવેશબંધી છે, તે શું સૂચક નથી?

# શહેરને મદદરૂપ થનારું ગામડું દુ:ખી



**નવાં કલેવર**

નટવર હેડાઉ

સરકતું સરકતું શહેર એક દિવસ ગામની તદન નજીક આવી પહોંચ્યું. આ જોઈ રાજી થઈ ગામડાંએ તેનું સ્વાગત કર્યું. તેના ખબર અંતર પુછ્યા. ખુબ જ ખિન્ન સ્વરે શહેરે કહ્યું, 'શું વાત કરું ભાઈ, જયાં હું હાલમાં છું ત્યાં દિવસે ને દિવસે વસ્તી ખૂબ વધતી જાય છે. અનિયંત્રિત ભીડ અને અગણિત વાહનોનો શોરબકોર, કોલાહલ, ઝેરી ધુમાડા અને ગંદકી મારો તો શ્વાસ રૂંધાવા લાગ્યો છે. આમાં જો તું કંઈ મદદ કરી શકે તો હું ખુલ્લી હવામાં સ્વાસ લઈ શકું.'

આવડું મોટું સાધન સંપન્ન શહેર મારી પાસે મદદ માંગી રહ્યું છે. એ વિચારી ગર્વિત મનથી ગામડાંએ શહેરને પોતાની આસપાસ વિસ્તરેલાં હરિયાણાં ખેતરો, અડાબીડ જંગલો અને વિશાળ ખુલ્લા પ્રદેશો બતાવ્યા અને કહ્યું કે શહેરભાઈ, જયારે તમને તમારે ત્યાં મુશ્કેલી જણાય કે બેચેની લાગે ત્યારે અહીં આવી સ્વચ્છ હવા, પાણી અને આંખો ઠરે તેવી હરિયાણી ને માણવા આવી જજો.

પરંતુ કુટિલ શહેરના મનમાં તો કંઈક જુદું જ ચાલતું હતું. ઉદાર મનના આ ગામડાનાં કપટરહીત આત્મીયતા આમંત્રણને આધાર બનાવીને શહેરે તો પોતાના પગ પ્રસારવા માંડ્યા. હવે પેલાં ખેતરોમાં અનાજની જગ્યાએ સિમેન્ટ કોંક્રીટ અને લોખંડનું વાવેતર થવા લાગ્યું. આજુબાજુના લીલાછમ્મ વૃક્ષો કપાવા લાગ્યા. પશુઓનાં ગૌચર હવે શોપિંગ મોલ, બિગ બજાર, બહુમાળી ઈમારતો અને ભવ્ય હોટલો તેમજ કૃત્રિમ બાગ બગીચામાં પરિવર્તન થઈ ગયા.

બિચારું ગામડું હવે ચારેબાજુથી શહેરના સકંજામાં જકડાઈ ગયું. ધીરે ધીરે નિરંકુશ બની ગયેલા શહેરો ગામડામાં પર પણ પોતાનો પ્રભાવ પાથરવાનું શરુ કરી દીધું. અસંમજસમાં અસહાય બની ગયેલા ગામડાંને પોતાનું ગામઠીપણું બચાવી રાખવું હતું. પણ હવે તો બચાવી શકાય તેમ ન હતું. અને શહેરની રીતભાતને પણ તે અપનાવી શકતું ન હતું. તેની પોતાની સાદગી, સંસ્કાર, રહેણીકરણી અને દેખાવ એટલા ઝડપથી બદલી રહ્યા હતા કે તે દિગ્મુઠ થઈ વધુ જોતું જ રહ્યું.

આજે શહેર પોતાના સફળતા પર ગર્વિત થઈ ખુશીઓ મનાવે છે. શહેરની ઝાકઝમાળ તો અહીં બરાબર પહોંચી નથી. પરંતુ કચરાના ઢગલા જે રીતે ગામડાંને પાદરે વધતા રહ્યા છે તેનાથી એક સમયે શહેરને મદદરુપ થનાર ગામડું દુ:ખના દરિયામાં ડુબી મરણાસન હાલતમાં છેલ્લા શ્વાસો ગણી રહ્યું છે.

# ગીતાવચન એટલે પ્રભુશરણનો રાજમાર્ગ



**ગુલમહોર**

દિનેશ દેસાઈ

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ પાર્થને કહે છે કે ''સર્વધર્માન્ પરિત્યજ્યૈ મામેકમ્ શરણં ભજ:'' એટલે કે ''બધા ધર્મ છોડીને તું મારા શરણમાં આવ.'' ભગવાન અર્જુનને એમ પણ કહે છે કે ''સંશયાત્મા વિનિષ્યન્તિઃ'' અર્થાત્ ''સંશય કરનાર આત્માનો નિશ્ચિતરૂપે વિનાશ જ થાય છે.''

ગાંધીજી નિયમિતરુપે ગીતાપાઠ કરતા અને આશ્રમવાસીઓ, અંતેવાસીઓને પણ નિયમિત ગીતાપાઠ કરવા માટે અનુરોધ કરતા હતા.

> **સમગ્ર ગીતાવચનો માત્ર ૪૫ મિનિટમાં જ ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને શ્લોકરૂપે સંભળાવી દીધા હતા, ધર્મયુદ્ધ કરવા નીકળેલા છતા પોતાના કર્તવ્યપથ ઉપરથી ચલિત થયેલા યોદ્ધા અર્જુનને કર્તવ્ય શીખવવા અને આવનારી પેઢીઓને ધર્મ અને જ્ઞાન આપવા માટે ભગવાને ગીતાના ઉપદેશવચનો કહ્યા છે**

ગીતાપાઠ સત્ય, ધર્મ, યોગ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનું સમ્યક સેવન કરાવીને જીવનને ઊર્ધ્વગતિ પમાડે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના દુનિયાભરની મહત્તમ ભાષાઓમાં અનુવાદ થયા છે. ભગવાન શ્રીકૃષ્ણના ઉપદેશવચનો હોઈને તેની પવિત્રતા અને મહત્તા અનેકગણી છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા જે કારણે સર્જન પામી એ મહાભારત યુદ્ધ આ તકે અવશ્ય યાદ આવે. કૌરવો અને પાંડવો વચ્ચે હસ્તિનાપુરનું રાજ મેળવવાનો વિવાદ ચાલતો હતો એમાંથી જ મહાભારતના ધર્મયુદ્ધનો આરંભ થયો. પાંડુપુત્ર એવા પાંચ ભાઈના નામ તો આપણે જાણીએ છીએ. યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ અને સહદેવ. આ ઉપરાંત મહાબલી કર્ણ પણ કુંતૂપુત્ર જ હતા પણ એમની ગણના પાંડવ તરીકે થતી નથી. યુધિષ્ઠિર, ભીમ અને અર્જુનનાં માતા કુંતી હતાં. જ્યારે નકુલ અને સહદેવનાં માતા માદ્રી હતાં.

ધૃતરાષ્ટ્ર અને ગાંધારીના ૧૦૦ પુત્ર કૌરવો તરીકે ઓળખાયા. તેમના નામ પણ જાણીએ. (૧) દુર્યોધન, (૨) દુ:શાસન, (૩) દુ:સહ, (૪) દુ:શલ, (૫) જલસંધ, (૬) સમ, (૭) સહ, (૮) વિંદ, (૯) અનુવિંદ, (૧૦) દુર્ધર્ષ, (૧૧) સુબાહુ, (૧૨) દુષ્પ્રધર્ષણ, (૧૩) દુર્મર્ષણ, (૧૪) દુર્મુખ, (૧૫) દુષ્કર્ણ, (૧૬) વિકર્ણ, (૧૭) શલ, (૧૮) સત્વાન, (૧૯) સુલોચન, (૨૦) ચિત્ર, (૨૧) ઉપચિત્ર, (૨૨) ચિત્રાક્ષ, (૨૩) ચારુચિત્ર, (૨૪) શરાસન, (૨૫) દુર્મદ, (૨૬) દુર્વિગાહ, (૨૭) વિવિત્સુ, (૨૮) વિકટાનંદ, (૨૯)ઉર્ણનાભ, (૩૦) સુનાભ, (૩૧) નંદ, (૩૨) ઉપનંદ, (૩૩) ચિત્રબાણ, (૩૪) ચિત્રવર્મા, (૩૫) સુવર્મા, (૩૬) દુર્વિમોચન, (૩૭) અયોબાહુ, (૩૮) મહાબાહુ, (૩૯) ચિત્રાંગ, (૪૦) ચિત્રકુંડલ, (૪૧) ભીમવેગ, (૪૨) ભીમબલ, (૪૩) બાલાકી, (૪૪) બલવર્ધન, (૪૫) ઉગ્રાયુધ, (૪૬) સુષેણ, (૪૭) કુંડધર, (૪૮) મહોદર, (૪૯) ચિત્રાયુધ, (૫૦) નિષંગી, (૫૧) પાશી, (૫૨) વૃંદારક, (૫૩) દઢવર્મા, (૫૪) દઢક્ષત્ર, (૫૫) સોમકીર્તિ, (૫૬) અનુદર, (૫૭) દઢસંઘ, (૫૮) જરાસંઘ, (૫૯) સત્યસંઘ, (૬૦) સદસુવાક, (૬૧) ઉગ્રશ્રવા, (૬૨) ઉગ્રસેન, (૬૩) સેનાની, (૬૪) દુષ્પરાજય, (૬૫) અપરાજીત, (૬૬) કુંડશાયી, (૬૭) વિશાલાક્ષ, (૬૮) દુરાધર, (૬૯) દઢહસ્ત, (૭૦) સુહસ્ત, (૭૧) વાતવેગ, (૭૨) સુવર્ચ, (૭૩) આદિત્યકેતુ, (૭૪) બહવાશી, (૭૫) નાગદત્ત, (૭૬) ઉગ્રશાયી, (૭૭) કવચિ, (૭૮) ક્રથન, (૭૯) કુંડી, (૮૦) ભીમવિક્ર, (૮૧) ધનુર્ધર, (૮૨) વીરબાહુ, (૮૩) અલોલુપ, (૮૪) અભય, (૮૫) દઢકર્મા, (૮૬) દઢરથાશ્રય, (૮૭) અનાધૃષ્ય, (૮૮) કુંડભેદી, (૮૯) વિરવિ, (૯૦) ચિત્રકુંડલ, (૯૧) પ્રધમ, (૯૨) અમાપ્રમાથિ, (૯૩) દીર્ઘરોમા, (૯૪) સુવીર્યવાન, (૯૫) દીર્ઘબાહુ, (૯૬) સુજાત, (૯૭) કનકધ્વજ, (૯૮) કુંડાશી, (૯૯) વિરજ અને (૧૦૦) યુયુત્સુ. આ ૧૦૦ ભાઈઓને એક બહેન પણ હતી, તેનું નામ દુશાલા. તેના વિવાહ રાજા જયદ્રથ સાથે થયા હતા.

શ્રીમદ્ ભગવદ્ ગીતા એ મહાભારતના એક અધ્યાય શાંતિપર્વનો એક ભાગ છે, જે દ્વારા આજથી સાત હજાર વર્ષ પહેલા ભગવાન શ્રીકૃષ્ણે ઉત્તર ભારતના કુરુક્ષેત્રના રણમેદાન ઉપર બાણાવળી અર્જુનને સંભળાવીને ઉપદેશવચનો આપ્યા હતા. એ દિવસે રવિવાર અને અગિયારસનો દિવસ હતો. સમગ્ર ગીતાવચનો માત્ર ૪૫ મિનિટમાં જ ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને શ્લોકરૂપે સંભળાવી દીધા હતા. ધર્મયુદ્ધ કરવા નીકળેલા છતા પોતાના કર્તવ્યપથ ઉપરથી ચલિત થયેલા યોદ્ધા અર્જુનને કર્તવ્ય શીખવવા અને આવનારી પેઢીઓને ધર્મ અને જ્ઞાન આપવા માટે ભગવાને ગીતાના ઉપદેશવચનો કહ્યા છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કુલ ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોક છે. જેમાં જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગ અને યોગમાર્ગની વિસ્તૃત સમજ પણ આપવામાં આવી છે. ૭૦૦ પૈકી ભગવાન શ્રીકૃષ્ણે ૫૭૪ શ્લોક કહ્યા છે. અર્જુન ૮૫ શ્લોક બોલે છે, ધૃતરાષ્ટ્ર એક તથા દીર્ઘદષ્ટા સંજય ૪૦ શ્લોક બોલે છે. ગીતાના ઉપદેશવચનોને અર્જુન ઉપરાંત સંજય અને ધૃતરાષ્ટ્રે પણ સાંભળ્યા હતા. જો કે અર્જુન પહેલા ગીતાનું જ્ઞાન સૂર્યદેવને મળ્યું હતું. ગીતાની ગણના ઉપનિષદોમાં થાય છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા એ ગીતોપનિષદ નામે પણ ઓળખાય છે. ગીતાનો સારાંશ એટલો જ કે ભગવાન શ્રીકૃષ્ણનું શરણ સ્વીકારવું.

આપણા હિન્દુ ધર્મ વિશે કહેવાય છે કે ૩૩ કોટિ દેવતા છે. અહીં કોટિ એટલે કરોડ નહીં પરંતુ કોટિનો અર્થ પ્રકાર કહેવાય. સંસ્કૃતમાં કોટિના બે અર્થ મળે છે. કોટિનો એક અર્થ પ્રકાર અને કોટિનો બીજો અર્થ કરોડ. આપણે ૩૩ પ્રકારના દેવતાની વાત પણ કરીએ. પ્રથમ ૧૨ પ્રકારના દેવતામાં (૧) આદિત્ય, (૨) ધાતા, (૩) મિત, (૪) આર્યમા, (૫) શક્રા, (૬) વરુણ, (૭) અંશભાગ, (૮) વિવાશ્વાન, (૯) પુષ, (૧૦) સવિતા, (૧૧) તવાસ્થા અને (૧૨) વિષ્ણુ. અન્ય આઠ પ્રકારમાં (૧) વાસુધાર, (૨) ધ્રુવ, (૩) સોમ, (૪) અહ, (૫) અનિલ, (૬) અનલ, (૭) પ્રત્યુષ અને (૮) પ્રભાષ તથા અન્ય ૧૧ પ્રકારમાં (૧) રુદ્રહર, (૨) બહુરુપ, (૩) ત્ર્યંબક, (૪) અપરાજીતા, (૫) વૃષાકાપિ, (૬) શંભુ, (૭) કપાર્દી, (૮) રેવાત, (૯) મૃગવ્યાધ, (૧૦) શર્વા અને (૧૧) કપાલી તથા અન્ય બે પ્રકાર (૧) અશ્વિની અને (૨) કુમાર મળીને ૩૩ કોટિ યાને ૩૩ પ્રકારના દેવતા ગણાય છે.

**જસ્ટ ટ્વીટ :**

''જીવદયા બધા ધર્મોમાં શ્રેષ્ઠ છે.''

**- વિનોબા ભાવે**

# સફળતાનાં સચ્ચા ડેરા...!! શોર્ટકટથી મેળવેલી સિદ્ધિ જો જો છાપે ના ચઢાવે...!!



**Hello ફ્રેન્ડસ**

સંજય થોરાત

અખબારોના પાના પર વિરોધાભાસ ધરાવતા સમાચાર ચમકી રહ્યા છે. એક બાજુ કિમ જોંગ કોરિયન વિશ્વવિનાસ નોંતરવા ગાંડા કાઢે છે તો બીજી તરફ જાપાન-ભારત રોકહેન્ડ કરી બુલેટ ટ્રેન દોડાવવા માંગે છે. એક તરફ બેડમિન્ટન પ્લેયર પી.વી. સિંધુ ગોલ્ડ મેડલ જીત્યાના સમાચાર છે. તો બીજી તરફ ખિસ્સામાંથી રૂમાલ બહાર કાઢી મેચ ફિક્સિંગ કરનાર શ્રીસંતને જામીન મળ્યાના સમાચાર છે. ફેસબુક માલિક ઝુકરબર્ગના નવા ફિચર્સની કમાલની સામે બ્લુ વ્હેલની સ્યુસાઈડ નોટ ચમકી રહી છે...



ટૂંકમાં બંને પક્ષે પ્રસિદ્ધિ છે. એક પ્રખ્યાત થાય છે અને બીજો કુખ્યાત... મોટાભાગે આ ભેદ સમજવો આમ સરળ અને આમ પચાવવો અઘરો છે. રાતોરાત પ્રસિદ્ધિ મેળવનાર હસ્તીએ સાચ્ચે જ હકદાર છે? બાબા રામ રહિત પણ બિગ સેલિબ્રીટી હતો અને એમની બળાત્કાર કેસમાં ધરપકડ થતાં લાખો લોકો એના સપોર્ટમાં રસ્તા પર ભાંગફોડ કરવાં રસ્તા પર ઉતરી આવ્યા. સાલુ એક કહેવાતા સંતે આવા ઉપદેશ આપ્યાં હશે ?

હાર્દિક પંડ્યા, ભાઈચુંગ ભુટિયા, સાયના નેહવાલ, વિજેન્દરસિંઘ, પી.આર. શ્રીજેશ, એ.આર. રહેમાન, પાર્થિક ગોહિલ, કીર્તિદાન ગઢવી, ધીરુબેન પટેલ, અમિત પાઠક, ઈન્દ્રા નુયી, સુનિતા વિલિયમ્સ, દીપા કર્માકર, નીતા અંબાણી, મિતાલી રાજ, મહાશ્વેતા દેવી, રોહન બોપન્ના, સુકેશ કુમાર, સાનિયા મિર્ઝા, કિંજલ દવે, ધ્વનિત... લગભગ બધાં નામો જાણીતા અને કેટલાંક સર્ચ કરો તો તમને ટકા ગર્વ અનુભવાય એવાં જ છે...

હવે જરા બીજી યાદી પણ જોઈએ વિનોદ કાંબલી, વિજય માલ્યા, આશારામ બાપુ, રાધે મા, રામ રહિમ, રાખી સાવંત, વિરપ્પન, મોડેલ પૂનમ પાંડે, સુબ્રતો રોય, હર્ષદ મહેતા, દાઉદ ઈબ્રાહીમ, અબ્દુલ લતીફ, સંજય દત્ત, મમતા કુલકર્ણી... આ બધી ફેમસ પર્સનાલીટી જ છે ને ? પણ આમને જોઈ ગર્વ અનુભવાય ? આમને આદર્શ બનાવાય? પ્રસિદ્ધિ તો આ માર્ગે પણ છે જ ને ? વગર રૂપિયે મીડિયામેન પાનાનાં પાનાં ભરી તમને ચમકાવે, ફ્રીમાં પબ્લીસીટી કરાવે, બોલો છે ઈચ્છા ?

> **જેને તું ગણાવે છે ઈબાદતથી વધારે,**
> **શક છે મને એ કંઈ નથી એક લતથી વધારે.**
> **જે પ્રશ્ન સરળતાથી ઉકેલાઈ ગયો હોત,**
> **ગુંચવાયો છે એ તારી કરામતથી વધારે !**
> **- હેમંત પુણેકર**

રામગોપાલ વર્મા ફિલ્મી ક્ષેત્રે કંઈક નવું કરવા પ્રખ્યાત છે. હમણાં એમને એક શોર્ટ ફિલ્મ બનાવી. જેનો વિષય હતો કે એક છોકરીને સની લીયોની બનવું છે. અભિનેત્રી સની લીયોની બની એ પહેલાં જે વ્યવસાયમાં હતી ને, એ બનવું છે. આટલામાં તમે સમજી જ ગયા હશો ? હવે એ છોકરી એનાં માતાપિતા સાથે તાર્કિક દલીલો કરે છે. સરવાળે એ ફિલ્મ દ્વારા, એ છોકરાના કેરેકટર દ્વારા એવો મેસેજ મળે છે એને નેગેટીવ પબ્લીસીટી જોઈએ છે. એને એ બેસ્ટ લાગે છે... જલ્દી ચમકાય એવું લાગે છે.

હવે આજના જમાનામાં છોકરાએ કે છોકરીએ શું બનવું શું કરવું? એનું ડિસ્કશન કર્યા કરતાં એણે પ્રખ્યાત થવું છે કે કુખ્યાત ? એટલું તો ભાન કેળવવું જ પડે ને ? સની લીયોનીની કારકિર્દી કેટલી? ટૂંકાગાળાના ફાયદા માટે લાંબાગાળાનું કેટલું મોટું જોખમ ? એક મેચમાં સટ્ટો રમવાથી કદાચ કરોડ - બે કરોડ મળતા હશે, પણ પછી એની ઈજ્જતનું શું ? એવી પ્રસિદ્ધિ શું કામની ? જયાં લોકો તમારાં નામ પર થૂંકે ?

સુનિયા વિલિયમ્સ, કિરણ બેદી, નિર્મલા સીતારમણ, ઉર્જિત પટેલ કે રામનાથ કોવિંદ બનવાં ભણવું પડે છે, સખત મહેનત કરવી પડે છે. પોતાની ઈચ્છાઓ ત્યાગીને દેશ માટે કંઈક આપી શકાય છે ત્યારે સમાચારની હેડ લાઈનમાં અવાય છે. સાયના, સચિન, વિરાટ, લતા, સંધુ, આમિર ખાન આ બધાં જ માત્ર અને માત્ર એમની સખત મહેનત, સાતત્ય ભર્યા દેખાવાથી જ પ્રસિદ્ધિને પામ્યા છે. ઘેઘુર અવાજવાળો બચ્ચન કે બાઠીયો ભાઈચુંગ ભૂટીયા, બોક્સર મેરીકોમ કે રેસલર સાક્ષી કંઈ એમનાં રૂપરંગને કારણે છાપામાં નથી ચમકતાં એટલી સભાનતા જોઈએ જ !

શોર્ટ કટથી પૈસા કમાવવાં કે બનાવનાર સેલિબ્રીટી કે અધિકારીઓથી જેલ શોભાયમાન છે. ચમક-દમકથી અંજાયેલા યંગસ્ટર્સને કૈલાશ ખેર કે અક્ષય કુમારની સ્ટ્રગલ સ્ટોરી સર્ચ કરી વાંચવા જેવી છે. પ્રસિદ્ધિ મેળવવા ઈફેકટીવ અને એફિશિયન્ટ બનવું પડે છે. બંદૂક એક જ છે, એક જણ નિશાન તાકી ગોલ્ડ મેડલ મેળવે છે, બીજો દુશ્મનને પાડે છે અને ત્રીજો નિર્દોશોને ગોળીએ દે છે. એક ખેલાડી, બીજો સૈનિક અને ત્રીજો આતંકવાદી છે, ચોઈસ ઈઝ યોર્સ !

એક કૉલેજીયનને પુછવામાં આવ્યું કે તારે શેમાં કરિઅર બનાવવી છે? તો એણે કહ્યું પપ્પાની જેમ પોલીસમાં જ વળી, હપ્તા ખાવાં મળે ને? બોલો, શું કરવાનું ? એની સામે એક કામવાળાની દીકરીને એ જ પ્રશ્ન કર્યો એણે કહ્યું અમે, સર્વન્ટ ક્વૉર્ટરમાં રહીએ છીએ, માલિક સીએ છે, મારે એમની જેમ સીએ બનવું છે. આજે આ બંને કિસ્સા સાચાં છે, પેલો પી.એસ.આઈ. બની હપ્તા ખાય છે, અને છોકરી સીએ બની નોકરી કરે છે, તમને કયો રસ્તો પસંદ છે?

મનપસંદ કાર્ય એટલે ટૂંકા રસ્તા અપનાવી પ્રસિદ્ધિ મેળવવી જરાય નથી. જયારે તમને કોઈ પ્રસિદ્ધ વ્યક્તિ દેખાય છે તો અવશ્ય તો અવશ્ય એની સંઘર્ષ ગાથા રોચક હશે. કોઈકનું કરી નાખીને, ચિટીંગ કરીને, ફ્રોડ

અનુસંધાન પાના નં. ૭ પર